**મે.વડોદરાના ૧૫માં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

**ગુ.મુ.નં. ૬૦૩૧૦/૨૦૨૪**

**આંક–**

**GJVD020695852024**

**ફરિયાદી – શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી– કપિલાબેન વા/ઓ જશુભાઈ ચંદુભાઈ વસાવા**

**ગુન્હો :– પ્રોહિ કલમ ૬૫ (એ)(એ) મુજબ....**

**ચુકાદો**

સદર કામ આરોપી સામે **પ્રોહી. એકટની કલમ ૬૫ (એ)(એ)** મુજબનાં ચાર્જશીટ આ કામે રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબૂલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુન્હા કબુલાત પુરશીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતાં, આરોપી સ્વેચ્છીક કબૂલાત કરતા હોવાનું ફલિત થાય છે. આરોપીને આયડન્ટીફાઈ કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતાં આરોપીનો કોઈ ગુનાહિત ઈતીહાસ હોવાનું ફલિત થતું નથી. કેસનાં સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતાં, તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોય, તે તમામ હકીકતને ધ્યાને લેતાં અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં જણાવવામાં આવેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતાં ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ તે તમામ હકીકતને સાથે સાથે આરોપીની વર્તણૂંક અને તેની સામે અન્ય કોઈ ગુનાં નોંધાયેલ હોય, તેવું હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુબીક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતાં, તેમજ નામદાર વડી

અદાલતનાં નટવર હરચંદ વિ. સ્ટેટનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, કોર્ટ કેસનાં સંજોગો અને આરોપીની સ્થિતિને ધ્યાને લઈ, ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતનાં અવલોકનને ધ્યાને લેતાં અને હાથ પરનાં કેસનાં સંજોગોને જોતાં, તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવું હોય, આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો, યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોય, ન્યાયનાં હીતમાં ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## હુકમ

આરોપી **કપિલાબેન વા/ઓ જશુભાઈ ચંદુભાઈ વસાવા** નાઓને **સી.આર.પી.સી.ની કલમ ૨૪૧ અન્વયે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** ભરપાઈ કરવાનો હુકમ ફરમાવું છું.જો આરોપી દંડની રકમ ભરવામાં ઈન્કાર કરે તો વધુ **દિન–૧** ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છુ.

મુદામાલનો અગાઉ જો કોઈ વચગાળાનાં તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો, તે કાયમ કરવામાં આવેલ છે અને બાકીનો મુદામાલ અપિલ સમય બાદ કાયદા મુજબનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪
વડોદરા

(એસ.આર.આહુજા)
૧૫માં જયુડી.મેજી.ફ.ક.
વડોદરા.
કોડ નં. જીજે–૦૧૭૪૨